# વિશ્વ વ્યાપાર ક્ષેત્રે પ્રવર્તતા પ્રવાહો

**રીના ડી. જોષી**
આસી. પ્રોફેસર,
કોમર્સ-એકાઉન્ટંસી
આર.આર.મહેતા સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર

**સારાંશ**

વીસમી સદીના ઉતરાર્ધમાં વિશ્વના રાજકારણમાં આર્થિક પ્રવાહો નિર્ણાયક અને કેન્દ્રગામી બન્યા.આ સમય ગાળામાં વૈશ્વિકરણ અને તેના ભાગ રૂપે આર્થિક ઉદારીકરણનો પવન ભારે સુસવાટા મારી રહયો હતો.અર્થકારણએ રાજકારણને પ્રભાવિત કરી રહયું હતું.આર્થિક બાબતો અને વેપાર સિવાયની તમામ બાબતો હાંસિયામાં ધકેલાઇ રહી હતી.વૈશ્વિકરણની પ્રક્રિયા વેગવંતી બનતાં વિશ્વ એક ગામડું બની રહેવા પામ્યું.વિશ્વના દેશોમાં સહિયારા પુરૂષાર્થ થકી વૈશ્વિક ભાગીદારીના માધ્યમથી વિકાસ સાધવાનો ઉપક્રમ નિર્ધારીત થયો.વૈશ્વિક સ્તરે આંતરરાષ્ટ્રીય વ્યાપારના ધસમસતા પ્રવાહમાં વિશ્વના મહદ્અંશે બધા જ રાષ્ટ્રો ખેંચાયા અને પરિણામ સ્વરૂપ દેશોની રાષ્ટ્રીય વ્યાપાર નીતિ અને નિયમોમાં આમૂલ પરિવર્તન આવ્યું.ભારત દેશે પણ બદલાતા જતા વૈશ્વિક રાજકીય અને આર્થિક પ્રવાહોની સામે પાર તરવાના બદલે વૈશ્વિક પ્રવાહમાં જ ભળી જઇ નવી આર્થિકનીતિ વર્ષ ૧૯૯૧માં અમલમાં મૂકી.ભારતની મિશ્ર અર્થતંત્રની દ્વિધા ભરી પરિસ્થિતિ હવે લાંબો સમય ચાલી શકે તેમ ન હતી.ભારતે આર્થિક ઉદારીકરણની નીતિને સ્વીકારી આર્થિક સુધારાઓને ઉતેજન આપ્યા સિવાય છૂટકો ન હતો.વિશ્વની બે મહાસતાઓ વચ્ચે પ્રવર્તતા ઠંડા યુદ્ધના અંતની સાથે લશ્કરી સંગઠનો અપ્રસ્તુત બની ગયા અને વિશ્વના દેશોની વચ્ચે આર્થિક સંગઠનો રચવાની દિશામાં સગન પ્રયત્નો શરૂ થયા.વિશ્વ વેપાર સંગઠન,સાર્ક,આશિયાન,બ્રીક,ઓપેક વગેરે જેવા સંગઠનો અસ્તિત્વમાં આવ્યા.આથી આર્થિક ક્ષેત્રે પ્રવર્તતા વૈશ્વક પરિબળો અને મહત્ત્વના આર્થિક સંગઠનોની ચર્ચા પ્રસ્તુત લેખમાં કરવામાં આવી છે.

**ચાવીરૂપ શબ્દો :** આર્થિક સંગઠનો,વિશ્વ વેપાર,આર્થિક વિકાસ

## ૧. પ્રસ્તાવના

બીજા વિશ્વ યુદ્ધ પછી સમગ્ર વિશ્વ બે છાવણીઓમાં વહેંચાઇ ગયુ હતું.એક બાજુ યુ.એસ.એ અને બીજી બાજુ સોવિયેત રશિયા વચ્ચે વિશ્વનું ધ્રુવીકરણ થયું. અમેરિકા સમગ્ર વિશ્વમાં મૂડીવાદનો પ્રચાર-પ્રસાર કરવા લાગ્યું. જયારે સોવિયેત રશિયા સામ્યવાદનો ફેલાવો કરવા લાગ્યું. બંને મહાસતાઓએ વિકાસના મોડેલ તરીકે પોતાની વિચારધારાથી વિશ્વના દેશોને પોતાના જૂથમાં આકર્ષવાના સખત પ્રયત્નો શરૂ કર્યા. વિશ્વની મહાસતાઓ વચ્ચે પ્રવર્તતા ઠંડાયુદ્ધે લશ્કરી સંગઠનો અને સઃશસ્ત્રીકરણની પ્રક્રિયાને વેગ આપ્યો.અમેરિકા અને તેના મિત્ર રાષ્ટ્રો દ્વારા નાટો અને સોવિયેત રશિયા અને તેના મિત્ર રાષ્ટ્રો દ્વારા વોર્સો કરારની રચના કરવામાં આવી. બંને દેશો વચ્ચે લગભગ ચાર દાયકા સુધી ઠંડુયુદ્ધ ચાલ્યું. પરંતુ અમેરિકાની સાથે સ્પર્ધા કરવામાં રશિયા સફળ થઇને ટકી શકયું નહી અને સોવિયેત રશિયાનું પતન થયું.પરિણામ સ્વરૂપ ઠંડાયુદ્ધનો અંત આવ્યો.ઠંડાયુદ્ધના અંતની સાથે આંતરરાષ્ટ્રીય રાજકારણ અને અર્થકારણના પ્રવાહો બદલાયા.લશ્કરી દ્રષ્ટિએ વિશ્વના દેશોમાં સશસ્ત્રીકરણના બદલે

નિઃ સશસ્ત્રીકરણ તરફનો ઝોક વધ્યો. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં આર્થિક વિકાસ, આર્થિક મુદ્દાઓ અને વ્યાપાર કેન્દ્રગામી બન્યા. દેશો વચ્ચે પરસ્પર સહકાર સાધવા આર્થિક સંગઠનો, કરારો અને શિખર મંત્રણાઓ શરૂ થયા.પ્રસ્તુત લેખમાં આંતરરાષ્ટ્રીય વ્યાપારને વેગ આપતા મહત્ત્વના આર્થિક સંગઠનોની છણાવટ કરવાનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે.

(૧) ગેટ કરાર (GATT)

આંતર રાષ્ટ્રીય વ્યાપારને નિયમન કરતો બહુપક્ષીય કરાર જનરલ એગ્રીમેન્ટ ઓન ટેરીફ એન્ડ ટ્રેડ(General Agreement on Tariffs and Trade) તરીકે ૧૯૪૮માં અસ્તિત્વમાં આવ્યો.દેશો વચ્ચેના વ્યાપારમં જકાત અને આડે આવતા અંતરાયો દૂર કરવા અસ્તિત્વમાં આવેલા આ કરાર પર ૩૦ ઓક્ટોબર,૧૯૪૭ના રોજ જીનીવા ખાતે ૨૩ રાષ્ટ્રોએ હસ્તાક્ષર કર્યા.જુદી જુદી મંત્રણાઓના રાઉન્ડ બાદ આખરે ૧૯૯૪માં યોજાયેલ ઉરૂગ્વે રાઉન્ડમાં વિશ્વ વ્યાપાર સંગઠનની રચના કરવામાં સફળતા સાંપડી.

(૨) વિશ્વ વ્યાપાર સંગઠન (W.T.O.)

વિશ્વ વ્યાપારનું નિયમન કરવાના હેતુથી ૧લી જાન્યુઆરી ૧૯૯૪ના રોજ વિશ્વ વ્યાપાર સંગઠનની સ્થાપના કરવામાં આવી છે. તેનું મુખ્ય મથક જીનીવાના સ્વિત્ઝર્લેન્ડ ખાતે રાખવામાં આવ્યું છે. વિશ્વ વ્યાપાર ક્ષેત્રે દિશા નિર્દેશન આપતી આ સંસ્થા વિશ્વની સૌથી મુખ્ય સંસ્થા બની છે. હાલમાં ૧૬૧ દેશો તેના સભ્યો છે. તે દુનિયાના દેશો સંબધિ નિયમો ઘડે છે અને તેના સભ્ય દેશોએ તેનું પાલન કરવું પડે છે. તે વ્યાપારમંત્રણા માટેનું વૈશ્વિક પ્લેટફોર્મ પુરૂ પાડે છે. રાષ્ટ્રીય વ્યાપાર નીતિઓ પર દેખરેખ રાખે છે. વિશ્વમાં વ્યાપારની પ્રક્રિયા દિવસે ને દિવસે વધુ જટીલ બનતી જાય છે ત્યારે વિશ્વ વ્યાપાર સંગઠન તેને ગતિશીલતા અને ચાલકબળ પુરૂ પાડે છે. ભારત તેના સ્થાપના સમયથી જ સભ્ય રાષ્ટ્ર રહ્યું છે.

(૩) સાર્ક (SAARC)

દક્ષિણ એશિયાના આઠ દેશોએ પરસ્પર આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક સાથ સહકાર આપવાના હેતુથી સ્થપાયેલું સંગઠન સાર્ક (SAARC South Asian Association for Regional Cooperation) ના નામે ઓળખાય છે. અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, માલદીવ અને પાકિસ્તાન તેના સભ્ય દેશો છે. તેની સ્થાપના ૮ ડિસેમ્બર ૧૯૮૫ના રોજ કરવામાં આવી છે. દર વર્ષે જુદા-જુદા સભ્ય દેશોમાં તેનું વાર્ષિક સંમેલન યોજાય છે જેમાં આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક વિકાસ પર ભાર મૂકવામાં આવે છે. તાજેતરમાં ૨૬,૨૭ નવેમ્બર ૨૦૧૪ના રોજ કઠમંડુ ખાતે તેનું ૧૮મું સંમેલન યોજવામાં આવ્યુ હતુ.

(૪) આશિયાન (ASEAN)

દક્ષિણપૂર્વીય એશિયન દેશો વચ્ચે આર્થિક અને રાજકીય સહકાર સ્થાપવાના આશયથી ૮મી ઓગસ્ટ ૧૯૬૭ના રોજ આશિયાન(ASEAN-Association of Southeast Asian Nations)ની સ્થાપના કરવામાં આવી છે.

દક્ષિણપૂર્વ એશિયાના બ્રુનેઇ, કંબોડિયા, ઇન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઇન્સ, સિંગાપોર, થાઇલેન્ડ અને વિયેતનામ તેના સભ્ય દેશો છે.

(૫) બ્રિક્સ (BRICS)

વિકાસમાં સહિયારી વૈશ્વિક ભાગીદારી વધારવા અને પરસ્પર સહકારથી આર્થિક વિકાસની ઉડાન ભરી વૈશ્વિક અર્થતંત્રમાં મહત્ત્વનું યોગદાન આપવાના હેતુથી વિશ્વના મહત્ત્વના અને ઉભરતા વિકાસશીલ અર્થતંત્રો એવા

બ્રાઝિલ, રશિયા, ઇન્ડોનેશિયા અને ચીન દ્વારા બ્રીક સંગઠનની રચના કરવામાં આવી છે.સભ્ય દેશોના નામના પ્રથમ મૂળાક્ષર પરથી તે બ્રીક્સ(BRICS-Brazil,Russia,India,China,South Africa) તરીકે પ્રસિધ્ધિ પામ્યું છે.પહેલા ચાર દેશો પરથી તે બ્રીક તરીકે ઓળખાતું હતું.ડિસેમ્બર ૨૦૧૦માં સાઉથ આફ્રિકા તેનું સભ્ય રાષ્ટ્ર બનતાં તે બ્રીક્સ તરીકે જાણીતું થયું.

ઉપરોક્ત સંગઠનો ઉપરાંત બીજા પણ ઘણા આર્થિક સંગઠનો રચાયા છે.તાજેતરમાં ભારતના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીએ જી-૮, જી-૨૦ જેવા મર્યાદિત દેશોને સાંકળતા સંગઠનોના બદલે જી-ઓલ પર ભાર મૂકયો તે બાબત વિકાસમાં વૈશ્વિ ભાગીદારી સાધવાની દિશામાં ઘણી સૂચક છે. વિશ્વના અથંતંત્રોમાં અત્યારે ભારે ઉથલપાથલ અને અફડા તફડીનો માહોલ જોવા મળી રહયો છે.વૈશ્વિક અર્થતંત્ર છેલ્લા દશકાથી વૈશ્વિક મહામંદીના આરે આવીને ઉભું છે. વિશ્વ અત્યારે ૧૯૨૯ની વૈશ્વિક મહામંદીની યાદ તાજી કરાવી સમગ્ર વિશ્વ મહામંદીની ગર્તામાં ધકેલાઇ રહયું છે. વિશ્વને આર્થિક મહામંદીના ભરડા માંથી બચાવવા વિશ્વના કહેવાતા નિષ્ણાંત અર્થશાસ્ત્રીઓ પાસે તેનો કોઇ હાથ વગો ઉકેલ જણાતો નથી.ગ્રીસ જેવા વિકાસશીલ દેશમાં તાજેતરમાં જે પ્રકારનું આર્થિક સંકટ નિર્માણ થયું તેના પરથી ઘણા દેશોએ બોધપાઠ લેવાની જરૂર છે.ભારતનો રૂપિયો પણ જેમ ભારતને સ્વતંત્ર થયાને વર્ષો થતા જાય છે તેમ દિવસેને દિવસે મજબૂત બનવાના બદલે અવમૂલ્યન થઇને ઘસાતો જાય છે તે ચિંતા અને ચિંતનની બાબત છે.વિશ્વના અર્થશાસ્ત્રની પુનઃસમીક્ષા કરવાનો સમય પાકી ગયો છે.

**સંદર્ભ**

1. Times of India
2. Economic and Political weekly
3. www.asean.org,5-3-15
4. www.bricsforum.org,6-3-15
5. www.saarc.sec.org,6-3-15
6. www.wto.org,7-3-15